સંક્ષિપ્ત સમાચાર

શ્રી ગોપાળલાલજી મહારાજનો પાટોત્સવ ઉજવાશે

સુરત: શહેરના ખપાટિયા ચકલા, પાણીની ભીત પાસે આવેલા શ્રી ગોપાળલાલજી મહારાજ મંદિર ખાતે શ્રી ગોપાળલાલજી મહારાજનો પાટોત્સવ ભક્તિભાવ સાથે ઉજવવામાં આવશે. સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ૪/૫, મંગળવાર તા. ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પાટોત્સવ નિમિત્તે વિશેષ પાઠ અને દર્શનનો કાર્યક્રમ યોજાશે. આ પાવન પ્રસંગે વૈષ્ણવ ભક્તોને હાજરી આપી ધાર્મિક લાભ લેવા શ્રીમતી રેખાબેન મુકુંદભાઈ ડેપ્યુટી દ્વારા અપીલ કરવામાં આવી છે.

વરાછા બેંકના ચેરમેન પદે નરેન્દ્ર કુકડિયા, વા.ચેરમેન પદે હર્ષ કાપડિયાની વરણી

સુરત: કો-ઓપરેટિવ ઇલેક્શન ઓથોરિટી (CEA) નવી દિલ્હી દ્વારા ગતરોજ સત્તાવાર રીતે વરાછા બેંકના સંચાલક મંડળના ડિરેક્ટરોની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ મંગળવારે યોજાયેલી બોર્ડની મહત્ત્વપૂર્ણ બેઠકમાં બેંકના નવા ચેરમેન તરીકે નરેન્દ્ર કુકડીયા અને અને વાઈસ ચેરમેન તરીકે સીએ હર્ષ કાપડીયાની પસંદગી કરવામાં આવી હતી. બંને નામોને અંતિમ મંજૂરી માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ) પાસે મોકલવામાં આવ્યા છે. આરબીઆઈ તરફથી મંજૂરી મળ્યા બાદ નવી બોર્ડ ટીમ સત્તાવાર રીતે કાર્યભાર સંભાળશે અને બેંકની વિવિધ કમિટીઓમાં સભ્યોની નિમણૂક કરશે.

AM/NS Indiaએ નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરી

સુરત : AM/NS India, હજીરા દ્વારા એપ્રિલ 14, 2026ના રોજ "સુરક્ષિત શાળા, સુરક્ષિત હોસ્પિટલ અને ફાયર સેફ્ટી અંગે જાગૃક્ત સોસાયટી - ટુગેધર ફોર ફાયર પ્રિવેન્શન" થીમ હેઠળ નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરી હતી. જેમાં એપ્રિલ 7 ના રોજ ટેબલટોપ એક્સરસાઇઝમાં કુલ 22 વિભાગો જોડાયા હતા, જ્યારે એપ્રિલ 7 થી 9, દરમિયાન યોજાયેલી ઓનલાઇન ક્વિઝમાં 1,085 એન્ટ્રીઓ મળી હતી. આ ઉપરાંત એપ્રિલ 8ના રોજ AMNS ઇન્ટરનેશનલ સ્કૂલના 100થી વધુ વિદ્યાર્થીઓએ અને સ્ટાફે ફાયર ફાઇટીંગ તાલીમ મેળવી હતી. એપ્રિલ 9એ AM/NS Indiaની 19 ટીમો દ્વારા ગ્રુપ ફાયર ફાઇટીંગ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. એપ્રિલ 10 અને 11ના રોજ કંપનીના કેર નર્સિંગ હોમના 41 સભ્યોને તાલીમ આપવામાં આવી અને અંતે એપ્રિલ 14એ હજીરા પ્લાન્ટમાં સ્પોટ ક્વિઝનું આયોજન કરાયું હતું, જેમાં 700 કર્મચારીઓ ભાગ લીધો હતો.

લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ઈન્ટર ક્લબ "પીકલબોલ" ટુર્નામેન્ટ સંપન્ન થઈ

સુરત: ધી સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એ સો સી એ શ ન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે તા.૧૧-૦૪-૨૦૨૬ અને તા. ૧૨-૦૪-૨૦૨૬ના રોજ પ્રથમ ઈન્ટર ક્લબ "પીકલબોલ ટુર્નામેન્ટ" યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં સુરત શહેરની ત્રણ પ્રતિષ્ઠિત ક્લબો SDCA લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડીયમ, સુરત સીટી જીમખાના અને સુરત ટેનિસ ક્લબ વચ્ચે યોજાઈ હતી. ટુર્નામેન્ટનું આયોજન પ્રમુખ કનૈયાભાઈ કોન્ટ્રાક્ટર અને સેક્રેટરી હિતેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન અને સૂચના મુજબ આઉટડોર સ્પોર્ટસ અને સ્પોર્ટસ અરેના ડેવલોપમેન્ટ કમિટીના કન્વીનર ઉર્મિલ કોન્ટ્રાક્ટર અને ટુર્નામેન્ટ કો-ઓર્ડીનેટર અનિલ જુનેજા અને અશ્વીન ભાદાણીની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. ફાઇનલ મેચ સુરત ટેનિસ ક્લબ વિરૂધ્ધ સુરત સીટી જીમખાના વચ્ચે રમાઈ હતી. જેમાં સુરત સીટી જીમખાનાની ટીમે સુરત ટેનિસ ક્લબની ટીમને હરાવી ચેમ્પિયનશિપ મેળવી હતી. આ પ્રસંગે સંસ્થાના હોદેદારો નરેન્દ્રભાઈ પટેલ-ઉપપ્રમુખ, ક્રિકેટ સેક્રેટરી,-ડો. નૈમેષ દેસાઈ, પરિક્ષિતભાઈ કોન્ટ્રાક્ટર, હેમંતભાઈ જરીવાલા, એડવોકેટ મનીષભાઈ પટેલ અને સીએ. મયંકભાઈ દેસાઈ હાજર રહ્યા હતા.

જીવનભારતીના રંગભવનમાં શનિવારે સંગીતકાર્યક્રમનું આયોજન કરાયું

સુરત: સંગીતપ્રેમીઓ માટે ગત તા.11મી એપ્રિલના રોજ જીવનભારતીના રંગભવન ઓડિટોરિયમમાં કેતન દેસાઈ અને નિખિલ ગજ્જર દ્વારા સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કેતન દેસાઈની સાથે મહેશ ચૌધરી, મયંક મિઠાઈવાળા, મિનેષ જૈન, સંજય મહેતા, સાજીદ સૈયદ, લીલા તોમર, રેહાના પટની અને તૃષ્ણા રામવાળા દ્વારા જૂના-નવા ગીતો રજૂ કરાયા હતા. સંચાલન અવની દલાલ દ્વારા કરાયું હતું.

પાલના ધ પર્સ્યુટ ઓફ હેપ્પીનેસ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સુરત: પાલ ખાતે આવેલા ધ પર્સ્યુટ ઓફ હેપ્પીનેસ એપાર્ટમેન્ટ દ્વારા હેપ્પીનેસ પ્રિમીયર લીગ સીઝન ૪નું ૨ દિવસનું ભવ્ય આયોજન ડી વિલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં થયું હતું. જેમાં બહેનો, બાળકો અને ભાઈઓ ની ટોટલ ૧૨ ટીમે ભાગ લીધો હતો.. બહેનોમાં નિધિ દેસાઈ તથા ભાઈઓમાં ચિંતન પારેખની ટીમનો વિજય થયો હતો.

માતુશ્રી કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા વધુ બે ભવનના લોકાર્પણ કરાયા

સુરત: માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગઈ કાલે તા.12-04-2026ને રવિવારે મહિસાગર જિલ્લાના કુંડા ગામે અ.નિ. રાજેશભાઈ મોહનભાઈ છેટા, અ.નિ. મોહનભાઈ વશરામભાઈ છેટા ભવનનું અને તા.13-04-2026 ને સોમવારે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના કનબા ગામે હરિમાલા ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલયનું વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે આનંદ અને ઉલ્લાસ સાથે લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રકલ્પો દ્વારા હજારો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણની આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે. આ અવસરે કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, "સરસ્વતીધામ નિર્માણયજ્ઞમાં સર્વ સમાજના લોકોનો ખૂબ સહયોગ મળ્યો છે, તે બદલ હું સૌનો આભારી છું."લોકાર્પણ પ્રસંગે સહયોગી દાતા વલ્લભભાઈ વી. છેટા પરિવાર તેમજ સહયોગી દાતા હરેશભાઈ પાઢ પરિવારનું સન્માન કરાયું હતું. જ્યારે પ્રસંગોમાં નિલેશભાઈ લંગાળિયા, હીરાભાઈ ભરવાડ, મહેન્દ્રભાઈ કળથિયા, કુબેરસિંહ ડીંડોર, હિમતભાઈ મોરડિયા, ભરતભાઈ ગોટી ની સાથે બીજા કાર્યક્રમમાં માનેંગજી પટેલની સાથે પ્રકાશજી શર્મા, કૃષ્ણકાંતજી ઉપાધ્યાય, મોહનલાલ પાટીદાર, પ્રભુલાલ પાટીદાર, બંસીલાલજી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

જીમના ઓઠા હેઠળ ચાલતા ગંદા ખેલનો પર્દાફાશ થતાં સ્ત્રીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો

પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી જીમ ટ્રેનરે પતિ પાસે 5 લાખની ખંડણી માંગી

ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી પાલની પરિણીતા પાસેથી 50 હજાર પડાવ્યા.

સુરત SOGએ નરાધમ ટ્રેનરને દબોચી લીધો

સુરત : શહેરના પાલ વિસ્તારમાં રહેતી એક આધેડ મહિલાને જીમ એક્ટિવિટીના બહાને પ્રેમજાળમાં ફસાવી, તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી લાખોની ખંડણી માંગનાર હવસખોર જીમ ટ્રેનરને સુરત એસ.ઓ.જીએ ઝડપી પાડ્યો છે.

પાલમાં રહેતા અને નળનો વ્યવસાય કરતા વેપારીની પત્ની સાતેક વર્ષ પહેલા સીટીલાઈટના જીમમાં કસરત કરવા જતી હતી. આ દરમિયાન ત્યાં ટ્રેનર તરીકે ફરજ બજાવતા શબ્બીર અસગરભાઈ ટૂંકવાલાએ જીમ એક્ટિવિટીના બહાને મહિલા સાથે નિકટતા કેળવી હતી અને લોભ-લાલચ આપી તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. આ વાતની જાણ જ્યારે વેપારી પતિને થઈ ત્યારે તેમણે પોતાનું લગ્નજીવન બચાવવા આરોપી શબ્બીરનો સંપર્ક કર્યો હતો. આરોપી શબ્બીર ટ્રેનર મટીને ખંડણીખોર બની ગયો હતો. તેણે વેપારીને ધમકી આપી હતી કે, જો તારી પત્નીને મારી ચુંગાલમાંથી છોડાવવી હોય તો 5 લાખ રૂપિયા આપવા પડશે, નહીંતર તેના ફોટા વાયરલ કરી સમાજમાં તમને બદનામ કરી નાખીશ. વેપારીએ ટુકડે-ટુકડે 50 હજાર રૂપિયા ચૂકવ્યા હતા, પરંતુ ટ્રેનરની ભૂખ સંતોષાતી નહોતી. આખરે કંટાળેલા વેપારીએ SOG ના ડીસીપી રાજદીપસિંહ નકુમ અને પીઆઈ અતુલ સોનારાનો સંપર્ક કર્યો હતો. પોલીસે શબ્બીર ટૂંકવાલા (રહે. રુદરપુરા, અઠવા)ની ધરપકડ કરી હતી.

પત્નીને પાછી મેળવવા વેપારી કરગરી રહ્યો હતો, ને ટ્રેનર સોદાબાજી કરતો હતો

સાતેક વર્ષના લાંબા સમયગાળા દરમિયાન જીમ ટ્રેનર શબ્બીરે મહિલા પર એવો મોહપાશ ફેંક્યો હતો કે વેપારીનું સુખી લગ્નજીવન વેરવિખેર થવાના આરે આવી ગયું હતું. વેપારી જ્યારે પોતાની પત્નીને આ જાળમાંથી મુક્ત કરવા વિનવણી કરવા ગયો, ત્યારે આરોપીએ કોઈ પણ પ્રકારની શરમ રાખ્યા વિના સીધી રોકડ રકમની જ માંગણી કરી હતી. પૈસા આપો ને પત્ની લઈ જાઓ જેવી હીન કક્ષાની સોદાબાજી આ ટ્રેનરે કરી હતી. વેપારીની આર્થિક સ્થિતિ ન હોવા છતાં તેણે ઉછીના-પાછીના કરીને 50 હજાર આપ્યા હતા, પણ આરોપીની હવસ અને લાલચ વધતી જતી હતી. આ કિસ્સો લાલબત્તી સમાન છે કે કેવી રીતે પ્રોફેશનલ ટ્રેનિંગના નામે ઘરેલું શાંતિ હણાઈ રહી છે.

ગ્લોબલ માર્કેટના વેપારીને 'લાહોટી બંધુઓ'એ 10.84 લાખમાં નવડાવ્યો

પ્લેન-પ્રિન્ટેડ માલ પડાવી લઈ પેમેન્ટના નામે હાથ ઊંચા કર્યા

સારોલીના ક્વોલિટી ફેબ્રિકેશનના ત્રણ ભાગીદારો સામે ગુનો નોંધાયો

સુરત : વરાછા વિસ્તારમાં આવેલી ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટના એક વેપારી પાસેથી લાખોનો માલ ઉધારમાં ખરીદ્યા બાદ પેમેન્ટ આપવાને બદલે ઠેંગો બતાવનાર ત્રણ ઠગબાજ વેપારીઓ સામે વરાછા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ભટાર રોડ પર રહેતા ત્રણેય લાહોટી બંધુઓએ વિશ્વાસમાં લઈ વેપારીની મરણમૂડી જેવી રકમ ઓહિયા કરી લેતા વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. સીટીલાઈટ વિસ્તારના આશીર્વાદ બંગલોઝમાં રહેતા સુનિલકુમાર રાયચંદ જૈન વરાછા બોમ્બે માર્કેટ પાસે આવેલી ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં 'પદ્માવતી ફેશન'ના નામે વેપાર કરે છે. તેમની માર્કેટમાં જ અગાઉ 'ક્વોલિટી ફેબ્રિકેશન'ના નામે દુકાન ધરાવતા વિષ્ણુ લાહોટી, દેવીકિશન લાહોટી અને મહેશ લાહોટી (રહે. ન્યુ હરેકૃષ્ણ, ભટાર રોડ તથા અમર સ્વપ્ન એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ) સાથે તેમનો પરિચય થયો હતો. આ ત્રણેય ભાઈઓએ સુનિલકુમારને જણાવ્યું હતું કે તેઓ સારોલીની અંજની નંદન માર્કેટમાં પણ મોટો વેપાર ધરાવે છે. લાહોટી બંધુઓએ વિશ્વાસ કેળવી તારીખ ૨૭/૬/૨૦૨૫ થી ૨૮/૭/૨૦૨૫ દરમિયાન સુનિલકુમારની દુકાનમાંથી અલગ-અલગ બિલો બનાવીને કુલ રૂપિયા ૧૦,૮૪,૪૧૫ની કિંમતનો પ્લેન અને પ્રિન્ટેડ કાપડનો જથ્થો ખરીદ્યો હતો. શરૂઆતમાં પેમેન્ટના વાયદા કરનાર આ ત્રણેય શખ્સોએ સમય મર્યાદા પૂરી થયા બાદ ગલ્લાતલ્લા શરૂ કર્યા હતા. સુનિલકુમારે જ્યારે પોતાના બાકી નીકળતા રૂપિયાની કડક ઉઘરાણી કરી ત્યારે આ ઠગબાજોએ પૈસા આપવાનો સાફ ઈન્કાર કરી દઈ હાથ ઊંચા કરી દીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા સુનિલકુમાર જૈને આખરે વરાછા પોલીસ મથકનો દરવાજો ખખડાવ્યો હતો. વરાછા પોલીસે ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે વિષ્ણુ લાહોટી, દેવીકિશન લાહોટી અને મહેશ લાહોટી વિરુદ્ધ આઈ.પી.સી.ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચેક રિટર્ન કેસમાં હીરા દલાલને એક વર્ષની કેદની સજાનો હુકમ

સુરત: અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા હીરા વેપારી નિલેશ ચંપકલાલ મહેતા પાસેથી સને ૨૦૧૮માં હીરા દલાલ પંકજ ડુંગરલાલ વાદ્રે અને વેપારી ભુપેશ ડુંગરલાલ વાદ્રેએ રૂ.૧૬.૧૮ લાખની કિંમતના ૧૧૬.૦૨ કેરેટ હીરા વેચાણ અર્થે લીધા હતા. હીરા વેપારી નિલેશ મહેતાએ પકજ વાદ્રે પાસે પેમેન્ટની માંગણી કરી હતી. જેથી ભુપેશ વાદ્રેએ પેમેન્ટ ચૂકવી દેવાની બાંહેધરી લીધી હતી. તેમ છતાં પેમેન્ટ નહીં ચૂકવતા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી. જે તે સમયે પાર્ટ પેમેન્ટ ચૂકવી દેવાયું હતું અને બાકીના પેમેન્ટ પેટે ભુપેશએ ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં હીરા વેપારી નિલેશ મહેતાએ વકીલ મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે પેમેન્ટની જવાબદારી સ્વીકારનાર ભુપેશ વાદ્રેને ૧ વર્ષની સજા અને રૂપીયા ૮.૯ લાખ ફરીયાદીને ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

'મમ્મી-પપ્પા' હું હારી ગયોછું,મનેમાફકરીદેજો

છાપરાભાઠામાં લગ્ન નહીં થતાં હતાશ યુવકનો સ્યુસાઈડ નોટ લખી આપઘાત

સુરત : છાપરાભાઠામાં લગ્ન ન થતા યુવકે હતાશ થઈને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકે આપઘાત પહેલા 'હું જીવનથી કંટાળી ગયો છું, મારે જીવનમાં એક પણ રૂપિયાનું દેવું નથી અને મમ્મી-પપ્પા હું હારી ગયો છું, હું આ પગલું ભરી લઉં છું, મને માફ કરી દેજો' સ્યુસાઈડ નોટ લખી હતી.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ગામના વતની સચિન રમેશભાઈ પીપલીયા (29 વર્ષ) હાલ અમરોલી-છાપરાભાઠા ખાતે આવેલી વ્રજ રેસીડેન્સીમાં પરીવાર સાથે રહેતો હતો. તે હીરાના કારખાનામાં મશીન રીપેરીંગનું કામકાજ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. સોમવારે સાંજે સચિને ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અમરોલી પોલીસે સચિને આપઘાત કરતાં પહેલા લખેલી સ્યુસાઈડ નોટ કબજે કરી હતી.

જેમાં 'હું જીવનથી કંટાળી ગયો છું, મારે જીવનમાં એક પણ રૂપિયાનું દેવું નથી અને મમ્મી-પપ્પા હું હારી ગયો છું, હું આ પગલું ભરી લઉં છું, મને માફ કરી દેજો સહિતનો ઉલ્લેખ કર્યો હતો.

તેએ એક પાનાની ગુજરાતીમાં સ્યુસાઈડ નોટ લખેલી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સચીને તેના લગ્ન થતા ન હોવાથી હતાશામાં આવીને આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

ATM કાર્ડ બદલી નાણાં તફડાવતી 'પ્રતાપગઢ ગેંગ'નો પર્દાફાશ થયો

મદદ કરવાના બહાને પિન જાણી લઈ ખિસ્સા ખાલી કરતી આંતરરાજ્ય ગેંગના 4 ગુના ઉકેલાયા, 54 કાર્ડ સાથે બે સાગરીત પકડાયા

સુરત : ઔદ્યોગિક નગરી સુરતમાં ભોળા શ્રમિકો અને વૃદ્ધોના ATM કાર્ડની અદલા-બદલી કરી ખાતામાંથી રોકડ રકમ સાફ કરી નાખતી ઉત્તર પ્રદેશની રીઢા ગુનેગારોને સચીન GIDC પોલીસે દબોચી લીધા છે.

સચિન GIDC પોલીસ મથકના પીઆઈ કે.એ. ગોહિલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે ATM કાર્ડની અદલા-બદલી કરતી ટોળકી વિસ્તારમાં સક્રિય છે. પોલીસે ટેક્નિકલ વર્કઆઉટ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી નૌશાદઅલી મુનીરઅલી શેખ (ઉ.વ.૩૪ રહે.વિમલની રૂમમાં, પઠાણપાર્ક પલસાણા, સુરત મુળવતન ગામ.શિવરા, તા.માનધાતા થાના-માનધાતા, જી.પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) તથા અખિલેશ નન્હેલાલ પાલ (ઉ.વ ૨૭ રહે, કેશવનગર સુપર સિનેમાં પાસે આસપાસ ગોડાદરા સુરત મુળવતન ગામ-રામગઢરેલા પોસ્ટ-અશરઈ થાના-લાલગંજ જી-પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ) ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ ATM કેબિનની બહાર વોચ રાખતા હતા. ખાસ કરીને જેમને ATM વાપરતા ન આવડતું હોય તેવા શ્રમિકો અથવા તો વૃદ્ધોને ટાર્ગેટ કરતા હતા. લાવો દાદા, હું તમને પૈસા ઉપાડી આપું તેમ કહી વિશ્વાસ જીતી લેતા અને પિન નંબર જાણી લેતા હતા. ત્યારબાદ નજર ચૂકવી ફરિયાદીનું અસલી કાર્ડ પોતાની પાસે રાખી લઈ, તેના જેવું જ દેખાતું બીજું કાર્ડ પકડાવી દેતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી વિવિધ બેંકોના 54 નંગ ATM કાર્ડ, 45 હજાર રોકડા, એક બાઈક અને બે મોબાઈલ ફોન મળી કુલ 1.10 લાખની મત્તા જપ્ત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ ટોળકીએ સુરતના અલગ-અલગ વિસ્તારમાં આચરેલા 4 ગુનાઓની કબૂલાત કરી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુરત વકીલ મંડળની રાજ્યસભાના સાંસદ સામે હાઈકોર્ટની બેન્ચની માંગ

સાંસદ તરફથી યોગ્ય સ્તરે રજૂઆત કરાશે તેવો પ્રતિભાવ અપાયો

સુરત: સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચની માંગ સાથે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલની આગેવાનીમાં રાજ્યસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંજય પટે(પાલ), મુકુંદ રામાણી,હરેશ નાકરાણી,ગગજી ભરવાડ સહિતનાં પ્રતિનિધિમંડળએ કતારગામ એસઆરકે ખાતે ગોવિંદભાઈ ધોળકિયાને મળ્યાં હતાં. વકીલ મંડળે રજુઆત કરી હતી કે સુરત જિલ્લો ગુજરાત રાજ્યનો સૌથી ઝડપી વિકસતો અને આર્થિક રીતે મહત્વપૂર્ણ જિલ્લો છે. હાલ સુરત જિલ્લાની વસ્તી આશરે ૮૦ લાખ જેટલી છે. સુરત શહેરમાં ટેક્ષટાઈલ, ડાયમંડ અને કાપડ ઉદ્યોગ ક્ષેત્રે વિશાળ પ્રમાણમાં વ્યવહાર ચાલે છે. જેના કારણે કાયદાકીય વિવાદો તથા કેસોની સંખ્યા ખૂબ જ વધી રહી છે. તેમજ એપેલન્ટ કોર્ટમાં અપીલ, રીવિઝનો પણ વધી રહી છે.

હાલમાં સમગ્ર રાજ્ય માટે માત્ર ગુજરાત હાઈકોર્ટનું મુખ્ય મથક અમદાવાદ ખાતે છે. જેના કારણે દક્ષિણ ગુજરાતના લોકો ખાસ કરીને સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાઓના નાગરિકોને ન્યાય મેળવવા માટે લાંબા અંતર સુધી મુસાફરી કરવી પડે છે. જે ખર્ચાળ અને સમયનો વ્યય થાય છે. સ્થાનિક બેન્ચથી કેસોના ઝડપી નિરાકરણમાં મદદ મળશે. રાજ્ય સભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ સુરતનાં વકીલ પ્રતિનિધિ મંડળને સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને સુરતને વહેલી તકે બેન્ચ મળે એ માટે તેઓ પ્રયત્નસીલ રહેશે તેમ આશ્વાસન આપ્યું હતું.

મુલાકાતમાં બીસીજીના પાંચ ચૂંટાયેલા પ્રતિનિધીની ગેરહાજરી

હાઈકોર્ટની બેન્ચ માટે સુરત જિલ્લા વકીલ મંડળનું પ્રતિનિધિ મંડળ જ્યારે રાજ્ય સભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાને મળવા ગયાં ત્યારે જોડે કઠોર બારનાં પ્રમુખ અને બીસીજી સભ્ય હરેશ નાકરાણી હતાં, જ્યારે સુરતનાં પાંચ બીસીજી સભ્ય ઝકી શેખ, પ્રિતીબેન જોષી, હિરલ પાનવાલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ નહોતા. તેમના કહેવા પ્રમાણે તેમને જાણ કરાઈ નહોતી. અત્રે નોંધનીય છે કે ત્રણ દિવસ પહેલા આ ચૂંટાયેલા બીસીજી સભ્યોના અભિવાદન સમારોહમાં હાઇકોર્ટની બેન્ચ સુરતમાં લાવવા માટે જાહેરમાં ચર્ચા પણ થઈ હતી. જેમાં આ બીસીજી સભ્યોએ સુરતમાં હાઇકોર્ટ બેંચ લાવવા પ્રયત્નશીલ થવું પડશે તેવી ટકોર પણ કરવામાં આવી હતી. પરંતુ આ બેઠક માટે પાંચેય બીસીજીના સભ્યોની અવગણના કરવામાં આવી તેવી ચર્ચા વકીલોમાં ચાલી હતી.

સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે તાજેતરમાં રાજ્યસભામાં સાંસદે પ્રશ્ન ઉઠાવ્યો હતો

સુરત જિલ્લા વકીલ મંડળ તરફથી સને ૨૦૦૦માં વર્ષથી હાઈકોર્ટની માંગણી માટેની રજુઆતો કરવામાં આવી રહી છે, પરંતુ કોઈક કારણોસર માંગણી પૂર્ણ થતી નથી. તાજેતરમાં રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ આ મુદ્દે રાજ્યસભામાં પ્રશ્ન પુછતાં કેન્દ્ર સરકારે સરકાર સમક્ષ કોઈ પ્રસ્તાવ હોવાનો ઈન્કાર કર્યો હતો. સમગ્ર રાજ્ય માટે માત્ર વડી અદાલતનું મુખ્ય મથક અમદાવાદ છે. હાઈકોર્ટની બેન્ચ સ્થાપના માટે ભારત સરકારને સત્તા પ્રાપ્ત છે. જે રાજ્ય સરકાર તથા હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયધિશ સાથે ચર્ચા કરીને નિર્ણય લઈ શકે છે.

ભાવભિની શ્રદ્ધાંજલિ

સ્વ.શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન

સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૬

અમારા પરમ સ્નેહી મિત્ર અને આદરણીય વડીલ
શ્રી કમલવિજયજી તુલસ્યાનના પૂજ્ય ભાઈશ્રી શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન ના
વૈકુંઠગમનના સમાચાર અત્યંત દુઃખદ છે
આ અપુરણીય ક્ષતિ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યકત કરીએ છીએ।
શ્રી જગતવિજયજીનું જીવન અત્યંત સરળ, સજ્જન અને ધાર્મિક રહ્યું હતું।
તેમણે પોતાના ઉત્તમ આચરણ દ્વારા પ્રેમ, દયા, કરુણા અને ક્ષમા જેવા
ઉચ્ચ સંસ્કારોને પરિવાર અને સમાજમાં સાકાર સ્વરુપ આપ્યું હતું
આવી પુણ્યાત્માને અમે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે
દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે અને
શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં ધૈર્ય, શકિત અને સંબળ આપે.

શ્રદ્ધાવનત

અમે તમામ નીચે દર્શાવેલ સજ્જનો દિવંગત આત્માને વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ

શ્રી જીતેન્દ્ર વખારિયા (નારાયણ પ્રોસેસર્સ),
શ્રી મહેશભાઈ કબૂતરવાલા (કલરટેક્સ),
શ્રી જે. પી. અગ્રવાલ (રચના ગ્રુપ),
શ્રી શ્યામ અગ્રવાલ (આર્મો ગ્રુપ),
શ્રી શ્યામ ગુપ્તા (વિરાટ પ્રોસેસર્સ),
શ્રી ગૌરીશંકર કોકરા (બાલકિશન ગ્રુપ),
શ્રી ગુલશન ચોપરા (ગુલશન પ્રિન્ટ્સ),
લક્ષ્મીપતિ ગ્રુપ,
શ્રી મદન ખુરાના (કે.બી. ક્રિએશન),
શ્રી આલોક બંસલ (પશુપતિ મિલ)
શ્રી પ્રમોદ ચૌધરી (પ્રતિભા ગ્રુપ),
શ્રી શશિ ભૂષણ જૈન (સુમતિ પ્રિન્ટ્સ),
શ્રી રામચરણ અગ્રવાલ (પ્રિયંકા પ્રોસેસર્સ),
શ્રી સત્યેન સોમાણી (વસંત ફેબ્રિક્સ),
શ્રી મનીષ ખુરાના (શિવમ ટેરિન),
શ્રી મનીષ અગ્રવાલ (અન્નપૂર્ણા ઇન્ડસ્ટ્રીઝ),
શ્રી આશુતોષ કનોડિયા (સાંવરિયા પ્રોસેસર્સ),
શ્રી મહાવીરપ્રસાદ જૈન (વિતરાગ ગ્રુપ),
શ્રી મનીષ અગ્રવાલ (મનીષ ડાઈંગ),
શ્રી તેજશ કાપડિયા (ઇન્ડીયન કેમિકલ)
શ્રી વિનિત જૈન (ત્રિશલા ગ્રુપ),